દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૨ તા. ૨૫.૦૭.૨૦૨૫

**ભાસ્કર એક્સક્લુઝિવ** ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં સવારે 8થી 11, સાંજે 5થી 8 વાગ્યા દરમિયાન ફ્રિકવન્સી વધારાઈ

# વસ્ત્રાલથી થલતેજ સુધીના રૂટ પર હવે પિકઅવર્સમાં દર 7 મિનિટે મેટ્રો મળશે, બાકીના સમયમાં 10 મિનિટનું અંતર

## નોર્થ સાઉથ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા સુધીમાં હજુ દર 12 મિનિટમાં મેટ્રો ટ્રેન પકડી શકાશે

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

મેટ્રોમાં પેસેન્જરોની સતત વધી રહેલી સંખ્યાને પગલે હવે ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધીના રૂટ પર મેટ્રોની ફ્રિકવન્સી વધારવાનો નિર્ણય લેવાયો છે. હવે ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં સવારે અને સાંજે પિકઅવર્સમાં મેટ્રોનું દર 7 મિનિટે સંચાલન થશે જ્યારે નોન પિક અવર્સમાં દર 10 મિનિટે મેટ્રો મળશે. જ્યારે નોર્થ સાઉથ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા સુધીના રૂટ પર પહેલાની જેમ જ મેટ્રો દર 12 મિનિટે મળશે.

જીએમઆરસીએ ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં પિક અવર્સમાં મેટ્રોનું સંચાલન દર 12 મિનિટથી ઘટાડી દર 7 મિનિટે કર્યું છે. જ્યારે આ સિવાયના સમયમાં દર 10 મિનિટે મેટ્રો મળશે. રવિવાર તેમ જ રજાના દિવસોમાં પિક અવર્સમાં દર 10 મિનિટે તેમ જ નોન પિક અવર્સમાં દર 12 મિનિટે જ મેટ્રોનું સંચાલન કરવામાં આવશે.

### પહેલાં રોજ 75થી 77 ટ્રિપ, હવે 85 ટ્રિપનું સંચાલન

વસ્ત્રાલથી થલતેજ સુધીના ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં અગાઉ દિવસ દરમિયાન સરેરાશ 75થી 77 ટ્રિપનું સંચાલન કરવામાં આવતું હતું, પરંતુ ફ્રિકવન્સી વધારાતા હવે લગભગ 85 જેટલી ટ્રિપનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

### ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં 70 ટકા લોકો મુસાફરી કરે છે

અત્યારે લગભગ 70 ટકા પેસેન્જરો ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં તેમ જ 30 ટકા પેસેન્જરો જ નોર્થ સાઉથ કોરિડોરમાં મુસાફરી કરી રહ્યા છે. સવારે 8થી 11 વાગ્યા સુધી તેમ જ સાંજે 5થી રાતે 8 વાગ્યા સુધી ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં પેસેન્જરોનો ધસારો સતત વધી રહ્યો છે.

### મોટેરાથી સચિવાલય વચ્ચે 36 મિનિટે જ મેટ્રો મળશે

નોર્થ સાઉથ કોરિડોરમાં ટ્રિપોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો નથી. આ રૂટ પર હાલ પણ સરેરાશ 75 જેટલી ટ્રિપોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જ્યારે મોટેરાથી સચિવાલય સુધીના રૂટ પર સવારે 7.22 વાગ્યાથી રાતે લગભગ 8.25 વાગ્યા સુધી મેટ્રોનું સંચાલન દર 36 મિનિટે કરવામાં આવી રહ્યું છે.



### મેટ્રોમાં હાલ રોજ સરેરાશ 1.31 લાખ લોકો મુસાફરી કરે છે

અમદાવાદમાં મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યામાં લગભગ 35થી 40 ટકા સુધીનો વધારો થયો છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) ના અધિકારીના જણાવ્યા મુજબ શહેરમાં મેટ્રોમાં મુસાફરી કરનારા પેસેન્જરોની સંખ્યામાં છેલ્લાં 2 વર્ષ દરમિયાન નોંધપાત્ર વધારો નોંધાયો છે. મહિને સરેરાશ 35થી 40 ટકા જેટલો વધારો પેસેન્જરોમાં થઈ રહ્યો છે. વર્ષ 2023ના જૂનમાં મેટ્રોમાં મુસાફરી કરનારા પેસેન્જરોની સંખ્યા દરરોજ સરેરાશ 67 હજાર જેટલી હતી. જ્યારે 2024માં જૂનમાં રોજના પેસેન્જરોની સંખ્યા સરેરાશ 94 હજાર સુધી પહોંચી ગઈ હતી. જ્યારે 2025ના જૂનમાં પેસેન્જરોની સંખ્યા વધીને 1.31 લાખ સુધી પહોંચી ગઈ છે.

### 3 વર્ષમાં જાન્યુઆરીથી જૂનમાં પેસેન્જરોની સંખ્યા (લાખમાં)

| વર્ષ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|
| 2023 | 12.09 | 12.30 | 15.63 | 18.61 | 23.78 | 20.14 |
| 2024 | 27.15 | 25.38 | 26.99 | 28.50 | 31.23 | 28.12 |
| 2025 | 40.21 | 34.48 | 36.30 | 37.12 | 38.37 | 39.20 |